ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળની ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં સહાયના ધોરણમાં વધારો કરવા, ખાતેદાર ખેડૂતના કોઇપણ સંતાનને લાભ આપવા તેમજ અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતાની તારીખ સુધીમાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોને લાભ આપવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:ખાખેવિ/૧૦૨૦૧૭/૧૩૨૬/ક-૭
સચિવાલય, ગાંધીનગર
તા: ૧૩/૧૧/૨૦૧૮

વંચાણે લીધા:

૧. કૃષિ, ખે.ક. અને સ. વિભાગનો તા.૧૨/૦૧/૧૯૯૬ નો ઠરાવ ક્રમાંક: પરચ/ ૧૧૯૫ / ૧૨૬૦ /મ.૩
૨. કૃષિ, ખે.ક. અને સ. વિભાગનો તા.૨૪/૦૧/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક: એફઆઇએસ-૧૦૨૦૦૨-૧૮૨-ક.૭
૩. કૃષિ, ખે.ક. અને સ. વિભાગનો તા:૦૯/૦૫/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૪-૨૬૧૮-ક.૭
૪. નાણાં વિભાગનો તા:૧/૪/૨૦૧૩ નો ઠરાવ ક: જવચ-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No. 186826)-ન
૫. નાણાં વિભાગનો તા:૧૯/3/૨૦૧૬ નો સુધારા ઠરાવ ક: જવચ-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No. 186826) –ન

પ્રસ્તાવના:

કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગના આમુખ-૧ ના ઠરાવથી ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં આમુખ-૨ ના ઠરાવથી સહાયની મર્યાદામાં વધારો કરવામાં આવેલ જે મુજબ અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી-સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૧,૦૦,૦૦૦/- (રૂપીયા એક લાખ) તથા એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ % લેખે રૂ. ૫૦,૦૦૦/- (રૂપીયા પચાસ હજાર) સહાયની જોગવાઇ થયેલ છે. આમુખ-૩ના ઠરાવથી ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) નો તથા આમુખ-૫ મુજબના નાણાં વિભાગના ઠરાવથી ખાતેદાર ખેડૂતના વારસદાર તરીકે પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ઉપરાંત, ખેડૂત ખાતેદારના પતિ/પત્નીને આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે.

રાજ્યના જુદા-જુદા વિભાગો દ્વારા વિવિધ ખાતા મારફત ચાલતી જૂથ (જનતા) અકસ્માત વીમા યોજનાઓનું એકત્રીકરણ કરી નાણાં વિભાગના આમુખ-૪ના ઠરાવથી ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના તરીકે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે, જેમાં ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજનાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આમુખ-૪ના ઠરાવની જોગવાઈ મુજબ આ યોજના અંતર્ગત દરેક વર્ષની ૧લી એપ્રિલ પહેલા જે ખાતેદાર ખેડૂત તરીકે નોંધાયેલ હોય તેને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે.

ઉપરોક્ત જોગવાઈઓ અંતર્ગત સરકારશ્રીને પ્રાપ્ત થયેલ વિવિધ રજુઆતો ધ્યાને લઇ આ યોજના હેઠળ ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ના બદલે ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાનને આવરી લેવા, દરેક વર્ષની ૧લી એપ્રિલ પહેલા ખાતેદાર ખેડૂત તરીકે નોંધાયેલ હોય તેના બદલે અકસ્માતે મૃત્યુ કે અપંગતાની તારીખ સુધીમાં ગામ નમૂનો-૬ (હક્ક પત્રક)માં ખાતેદાર ખેડૂત તરીકેની નોંધ પ્રમાણિત થયેલ હોય તેવા તમામ ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન તથા ખાતેદાર ખેડૂતના પતિ / પત્નીનો સમાવેશ યોજનામાં કરવા તેમજ ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનાના સહાયના ધોરણોમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળની ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં નીચે મુજબનો સુધારા-ઠરાવ આથી બહાર પાડવામાં આવે છે.

<u>સુધારા ઠરાવ :</u>

(૧) અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી-સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં હવેથી નીચે મુજબની સહાય મળવાપાત્ર રહેશે.

(અ) અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી-સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા)

(બ) અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ-પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ % લેખે રૂ. ૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા)

(ક) અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ % લેખે રૂ. ૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા)

(ડ) અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ % લેખે રૂ. ૧.૦૦ લાખ (અંકે રૂપિયા એક લાખ પુરા)

(૨) આ યોજનામાં ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ના બદલે ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાનનો સમાવેશ કરવામાં આવે છે. આથી હવે સદર યોજના અંતર્ગત રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ /પત્નીનો સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવે છે.

કોઈ પણ સંતાન એટલે કે વ્યક્તિગત કે સંયુક્ત ખાતા ધરાવતા તમામ ખાતેદાર ખેડૂતોના પોલીસી વર્ષ દરમ્યાન જેટલા સંતાન (પુત્ર/પુત્રી) અકસ્માતે મૃત્યુ/કાયમી અપંગતા પામે તે તમામને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૩) ૧લી એપ્રિલ પહેલા ખાતેદાર ખેડૂત તરીકે નોંધાયેલ હોય તેના બદલે મૃત્યુ/કાયમી અપંગતા થાય ત્યારે વ્યક્તિગત કે સંયુક્ત ખાતા ધરાવતા તમામ ખાતેદાર ખેડૂતો એટલે કે મહેસુલી રેકર્ડ પ્રમાણે ૭/૧૨, ૮-અ અને ગામ નમૂના નં.-૬ (હક્ક પત્રક)માં અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતાની તારીખ સુધીમાં પાકી નોંધ પ્રમાણિત થયેલ હોય તેવા તમામ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ / પત્નીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાનો સમાવેશ નાણાં વિભાગના તા. ૨૫/૦૬/૨૦૦૭ ના ઠરાવથી ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વિમા યોજનામાં થયેલ હોઈ તેમાં અન્ય આનુષંગિક જોગવાઈઓ/ સુધારા જરૂર જણાયે નાણાં વિભાગે કરવાના રહેશે.

નાણાં વિભાગના આમુખ-૪ ના તા.૦૧/૦૪/૨૦૧૩ ના ઠરાવમાં દર્શાવેલ અન્ય જોગવાઈઓ અને શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી નંબર : ૨

મુખ્ય સદર : ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : ૧૧૦ – પાકવીમો

પેટા સદર : (૦૪) એજીઆર – ૧૧ કૃષિ ક્ષેત્રે જોખમોનું વ્યવસ્થાપન

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ અન્વયે નાણાં વિભાગની ફાઈલ ક્ર. જવય/૧૦૨૦૧૧/૦-૩૦૮/ન પર સરકારશ્રીની મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાજેન્દ્ર પંડયા)
ઉપ સચિવ
કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી/અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૩. સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓ/ અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૪. માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
૫. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. ખેતી નિયામકશ્રી, ગુ.રા.કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
૮. એકાઉટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
૯. વીમા નિયામકશ્રી, વિમા નિયામકની કચેરી, ગાંધીનગર
૧૦.મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય, બીજ નિગમ લી. ગુ.રા.ગાંધીનગર
૧૧.સર્વે કલેક્ટરશ્રીઓ (ખેતી નિયામકશ્રીની મારફતે)
૧૨.સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (ખેતી નિયામકશ્રીની મારફતે)
૧૩.પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
૧૪.નિવાસી ઓડિટ અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
૧૫.જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, (તમામ)(ખેતી નિયામકશ્રીની મારફતે)
૧૬.નાણાં / બજેટ / આઈ.ટી. શાખા, કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૭.સિલેક્ટ ફાઈલ